507

104

# Office of District Education Officer, Ahmedabad City
# and
# Exam. co-ordinating Committee, Ahmedabad City
## Pre-Board Exam. - 2025

**Std. 10**

Date : 24-01-25

Time : 8:00 to 11:15 **GUJARATI (SL) 13 (E)** Total Mark : 80

---

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D છે તથા 1થી 53 પ્રશ્નો છે.

(2) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

(3) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના ઉત્તર ક્રમમાં લખવા.

---

### વિભાગ - A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો :** [3]

| ગદ્યકૃતિ | સાહિત્યકાર |
|---|---|
| (1) સામગ્રી તો સમાજની છે ને ? | (અ) પ્રેમજી પટેલ |
| (2) જેઠીબાઈ | (બ) રમણભાઈ નીલકંઠ |
| (3) ટિફિન | (ક) વિકાસ શર્મા |
| | (ડ) દુલેરાઈ કારાણી |

**(બ) (1) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :** [2]

(4) જેઠીમાએ પોર્ટુગીઝ સરકારના જુલમની કહાણી ............. ભાષામાં લખાવીને તૈયાર કરી. (પોર્ટુગીઝ, ગુજરાતી, અંગ્રેજી)

(5) જમણવાર પ્રસંગે ............ માટે ટિફિન આવવાનું છે. (બાળકો, પ્રૌઢો, ગરીબો)

**(2) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** [2]

(6) દીપકના પિતાનું નામ નંદરાય છે.

(7) અમૂલ ડેરીના વિકાસમાં ત્રિભુવનદાસ અને સરદાર વલ્લભભાઈ પટેલની જુગલબંધી જામી.

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :** [3]

(8) રામશંકર અને શિવશંકરના ઘરનાં નામ કયાં હતાં ?

(9) મહાબળેશ્વર જવા માટે લેખક ટ્રાવેલ્સનો કેમ આગ્રહ રાખે છે ?

(10) "શરીર તો સારું છે ને, ભાઈ ?" આ વાક્ય કોણ બોલે છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે બે)** [4]

(11) ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

(12) 'ટિફિન' પાઠને આધારે અમથીમાનો પરિચય આપો.

(13) કાનજી તેનો જીવ નિરાંતે છોડી શકે એ માટે જેઠીબાઈએ શી પ્રતિજ્ઞા લીધી ?



https://www.gujaratboardonline.com

(ઇ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

(14) 'શ્વેતક્રાંતિના પ્રણેતાઓ' ગદ્યને આધારે ત્રિભુવનદાસ પટેલના જીવનનો પરિચય આપો.

(15) 'ઝબક જ્યોત' શીર્ષકની યથાર્થતા સમજાવો.

(16) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.

## વિભાગ - B (પદ્ય વિભાગ)

(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો : [3]

| 'અ' | 'બ' |
|---|---|
| (17) દીવાનખાનામાં | (અ) હાઈકુ |
| (18) લીલ ઓઢીને | (બ) દુહા |
| (19) પિંજરાનું બારણું | (ક) અછાંદસ |
| | (ડ) મુક્તક |

(બ) (1) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [2]

(20) કાવ્યનાયિકા ......... ઊભા રહીને રસ્તો નિહાળે છે. (બારણાં કને, બારી કને, મુખ્ય દરવાજે)

(21) સૉનેટમાં કુલ ......... પંક્તિઓ હોય છે. (બાર, ચૌદ, સત્તર)

(2) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : [2]

(22) પન્ના નાયક અમેરિકામાં રહે છે.

(23) કરસનદાસ માણેકનું ઉપનામ 'વૈશંપાયન' છે.

(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [3]

(24) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ કોનાં આંસુ લૂછવાની વાત કરે છે ?

(25) કવિ અજાણી વ્યક્તિના હાથમાં શું-શું હોવાની વાત કહે છે ?

(26) હાઈકુમાં કેટલા અક્ષર હોય છે ?

(ડ) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે બે) [4]

(27) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

(28) "જે જન પામે પૂર્ણતા, તે કદી ન ફૂલાય." – આ પંક્તિ દ્વારા કવિ શું સમજાવવા માંગે છે ?

(29) કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે ?

(ઇ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે બે) [6]

(30) 'જીવમાં જીવ આવ્યો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(31) દીવાનખાનાનું શબ્દચિત્ર આલેખો.

(32) લીમડાના દૃષ્ટાંત દ્વારા દુહામાં કયો સંદેશ આપ્યો છે ? 276



https://www.gujaratboardonline.com

## વિભાગ - C (વ્યાકરણ વિભાગ)

❖ માગ્યા મુજબ ઉત્તર આપો : (પ્રત્યેકનો 1 ગુણ) [16]

● આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો :

(33) નીચેનામાંથી કયો શબ્દ 'દાણ' શબ્દનો સમાનાર્થી શબ્દ છે ? (1)

(અ) અનાજ (બ) ખાણ (ક) જકાત

(34) નીચેનામાંથી કયા સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ? (1)

(અ) હુકમ - આદેશ

(બ) મિત્ર - દુશ્મન

(ક) હોશિયાર - પ્રવીણ

(35) નીચેનામાંથી કયો શબ્દ 'સ્વીકાર' શબ્દનો વિરુદ્ધાર્થી છે ? (1)

(અ) કુસ્વીકાર (બ) અસ્વીકાર (ક) સ્વાગત

(36) નીચે આપેલા વિરુદ્ધાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ? (1)

(અ) જ્ઞાની × અજ્ઞાની

(બ) ખુશ × પ્રસન્ન

(ક) અંત × આરંભ

(37) આ સિઝનમાં ............ જવું મોંઘું પડે ? યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (1)

(અ) દાર્જિલિંગ (બ) દાર્જીલિંગ (ક) દાર્જીલીંગ

(38) કચ્છનો કામદાર છેલ્લા .......... લઈ રહ્યો હતો. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો. (1)

(અ) શ્વાસ (બ) સ્વસ (ક) સ્વાસ

(39) સંધિ છોડો : સ્વાવલંબન (1)

(અ) સ્વ + આવલંબન

(બ) સ્વ + અવલંબન

(ક) સ્વાવ + લંબન

(40) નીચેનામાંથી સમાસની કઈ જોડી સાચી છે ? (1)

(અ) હસ્ત ઘડી - મધ્યમપદલોપી

(બ) વૃંદાવન - દ્વન્દ્વ સમાસ

(ક) સમીસાંજ - દ્વિગુ સમાસ

(41) રૂઢિપ્રયોગનો અર્થ આપો. - રઘવાયા થવું. (1)

(42) કહેવત સમજાવો. - અધૂરો ઘડો છલકાય ઘણો (1)

(43) 'જેઠીબાઈએ હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી' - કર્મણિ વાક્યરચનામાં ફેરવો. (1)

(44) હું પડી ગયો. (ભાવેપ્રયોગ કરો.) (1)

(45) 'રમા પાસે બહુ <u>અટપટો</u> હિસાબ હતો.' (રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.) (1)

(46) નીચેનામાંથી વિકારી વિશેષણ છે ? (1)

(અ) પ્રસિદ્ધ (બ) ગરીબ (ક) નાનું

(47) હજી તો તારે કેટલાક રૂપિયા ઓકાવવા છે. (યોગ્ય વિરામચિહ્નો મૂકો) (1)

(48) ઉદ્ગારચિહ્ન ક્યારે મૂકવામાં આવે છે ? (1)



https://www.gujaratboardonline.com

## વિભાગ - D (અર્થગ્રહણ/લેખન વિભાગ)

**(49) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** [4]

યુવાન માણસોમાં ઘણુંખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે, જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઈ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે, હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે. તેથી પોતાને હંમેશાં નુકસાન થાય; એટલું જ નહિ, પણ ઘણી વખત વિનાશકારક પરિણામ નીપજે. આથી મોઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેના મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું, પણ તેમના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહિ. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઈ જાય છે, એવું કદી ધારતા નહિ. ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે અને અન્યોન્યના ગુણનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃદ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

**(50) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી વાર્તાને યોગ્ય શીર્ષક આપો :** [4]

મુદ્દા : ચાર ચોર – ચોરી કરવા જવું – પુષ્કળ માલ મળવો – જંગલમાં નાસી જવું – બે ચોરનું મીઠાઈ ખરીદવા નગરમાં જવું – મીઠાઈમાં ઝેર ભેળવવું – બીજા બે ચોરની યુક્તિ – મીઠાઈની ખરીદી કરીને આવેલા બે ચોરને કૂવામાં ધકેલી દેવા – મીઠાઈ ખાવી – પરિણામ – બોધ.

(51) તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો : [4]

(52) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો : [4]

''દુ:ખીના દુ:ખની વાતો, સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું, દુ:ખ ના વિશ્વમાં ટકે.''

અથવા

''અમને નાખો જિંદગીની આગમાં,
અમે આગને પણ ફેરવીશું બાગમાં.''

**(53) નીચે આપેલા વિષયોમાંથી ગમે તે એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો :** [8]

**(1) મોબાઈલના ફાયદા - ગેરફાયદા** https://www.gujaratboardonline.com

પ્રસ્તાવના – મોબાઈલનો આવિષ્કાર – સમયની સાથે પરિવર્તન – સ્માર્ટ ફોન – મોબાઈલ એપ્લિકેશન્સ – સમયની બચત – સદ્ ઉપયોગ – દુરુપયોગ – સાઈબર ક્રાઈમ – ઉપસંહાર.

**(2) જીવનમાં રમતગમતનું મહત્ત્વ**

મુદ્દાઓ : પ્રસ્તાવના – રમતગમત – સહજ તેમજ સ્વાભાવિક – રમતગમતથી સ્વાસ્થ્યની જાળવણી – રમતગમતની મન પર અસર – રમતગમત વડે સ્થપાતાં આંતરરાષ્ટ્રીય સૌહાર્દ અને વિશ્વશાંતિ – ઉપસંહાર.

**(3) સ્વચ્છતા**

મુદ્દાઓ : પ્રસ્તાવના – શરીરની સ્વચ્છતા – ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો – ગામડાં અને શહેરોની સ્થિતિ – ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો – સ્વચ્છતાની જવાબદારી – વિદેશોમાં સ્વચ્છતા – ઉપસંહાર.

---



https://www.gujaratboardonline.com